## પ્રકરણ ૨

## ૧૯મી સદીના ઉત્તરાર્ધનું ભારત તથા ગુજરાત

### ભૂમિકા

ઇ.સ.૧૭૫૭ ના પ્લાસીના યુધ્ધ પછી ભારતમાં, અંગ્રેજી હકૂમતનાં રીતસરનાં મૂળ નખાયાં. ૧૮૪૮ સુધીમાં તો અટકથી કન્યાકુમારી સુધીનું ભારત જીતાઇ ગયું. અલબત, જીત અને જમાવટનો ક્રમ તો ૧૮૪૮ પછી પણ ચાલુ રહયો હતો. થોડાએક અપવાદો બાદ કરતાં, ભૂતકાળનું કોઇપણ રાજકીય શાસન ભારતના સમગ્ર ઉપખંડને એકચક્રી શાસન વ્યવસ્થામાં ગૂંથવાનું જે કાર્ય સંપૂર્ણપણે ભાગ્યે જ સિધ્ધ કરી શક્યું હતું તે અંગ્રેજી હકૂમતે સિધ્ધ કર્યું, એ આને પરિણામે અંગ્રેજોને ઉદ્દિષ્ટ ન હોવા છતાં પણ, ભારતમાં રાષ્ટ્રવાદનો જન્મ સુગમ બન્યો. ભૂતકાળમાં ભારતીય પ્રજાએ ઘણા શાસનપલટાઓ જોયા – અનુભવ્યા છે. પણ એ શાસનપલટાઓ જ્ઞાતિ-વ્યવસ્થામાં નખાયેલાં ભારતીય પ્રજાજીવનનાં ઊંડાં મૂળને ભાગ્યેજ સ્પર્શી શકતા. મુસ્લિમ જેવા વિદેશી શાસકો આ દેશમાં ઠરીઠામ થયા. એમના [illegible] અમલ દરમિયાન પ્રજાની રહનસહન પર, દેશના શિલ્પસ્થાપત્ય ચિત્રકલા ઇત્યાદિ પર મુસ્લિમ સંસ્કૃતિની વત્તેઓછે અંશે અસર થઇ છે. પણ ભારતીય જ્ઞાતિવ્યવસ્થાના કોચલાને એ અસર ભેદી નહોતી શકી. જ્ઞાતિવ્યવસ્થાનું આ પડળ જ્યાંસુધી સલામત રહે ત્યાં સુધી કયા શાસકો દેશ પર અમલ કરી રહયા છે એની બહુ ફિકરમાં હિન્દુ પ્રજા નહોતી પડતી. મૂળ તો વેપાર કરવાના ઉદ્દેશથી આવેલા અંગ્રેજોના રાજ્યઅમલની વિશેષતા એ છે કે મુસ્લિમ રાજ્યની જેમ એ ભારતદેશનું જ રાજ્ય ન બની રહયું, એનું પરદેશી સ્વરૂપ કાયમ ટકી રહયું, અંગ્રેજોની એક જુદી જ "જ્ઞાતિ" આ દેશમાં બંધાઇ ગઇ. આમ છતાં, ભારતમાં જ સ્થિર થયેલા, ભારતીય

જીવનના રંગે રંગાયેલા, ભૂતકાળના મુસ્લિમ જેવા વિદેશી શાસકો જે નહોતા કરી શકયા એ અંગ્રેજોએ કર્યું. ભારતીય પ્રજાના બાહ્યાંતર સમગ્ર જીવનને એમણે આંદોલિત કરી મૂકયું. જ્ઞાતિવ્યવસ્થાના અત્યાર સુધીના અભેદ્ય ગણાતા કોચલાને એમના રાજ્યઅમલે નીપજાવેલી અસરોએ ભેદ્યું, ભારતીય સંસ્કારજીવનના મૂળને સ્પર્શીને પ્રજાહૃદયમાં મંથન પણ જગાડયું.

નવાઇની વાત એ છે કે અંગ્રેજોએ આવડું મોટું સામ્રાજ્ય સ્થાપ્યું તો ખરું, પણ એની પાછળ સામ્રાજ્ય સ્થાપવાની કોઇ વ્યવસ્થિત પૂર્વનિર્ણીત યોજના એમની પાસે નહોતી. સંજોગો જ એવા ઉભા થતા ગયા કે અંગ્રેજોના સામ્રાજ્યનું ચોકઠું ભારતમાં ગોઠવાઇ ગયું. હિંદુઓ અને મુસ્લિમોની કઇ નબળાઇને લીધે એમનો અંગ્રેજોને હાથે પરાજય થયો? રાષ્ટ્રીયતાની ભૂમિકા પર સુસ્થિર સુદૃઢ એવી સામાજિક અને રાજકીય વ્યવસ્થા ઉપજાવવામાં હિંદુઓ અને મુસ્લિમો નિષ્ફળ ગયા હતા એ એમની મોટામાં મોટી નબળી કડી ગણી શકાય.[1] અનેક નાનીમોટી હકૂમતો વચ્ચે સમગ્ર દેશ છિન્નભિન્ન થયેલો હતો. દેશમાં અંગ્રેજોના આગમનટાણે શાંતિવ્યવસ્થા સંપ તથા કાયદાના રાજ્ય જેવું કાંઇ નહોતું. અંગ્રેજો અહીં આવીને શાંતિ સ્થાપિત કરી, અતંત્રતામાંથી તંત્રની સુદૃઢ વ્યવસ્થા ઉપજાવી આપી અને કાયદાના રાજ્યનું નિર્માણ કરી દીધું. અંગ્રેજો માત્ર મેલી મુત્સદ્દીગીરીથી લુચ્ચાઇ દોંગાઇથી દગાફટકાથી કે દેશવાસીઓના કુસંપનો લાભ લઇ, એમને પરસ્પર ઝઘડાવી મારીને જીતી ગયા છે એમ કહેવું યથાર્થ નથી. એમનો વિજય એ એક કાળની મહાન પણ અંગ્રેજોના આગમનટાણે જીર્ણશીર્ણ હિન્દુ સંસ્કૃતિ પર એક ઉત્તમ કક્ષાની સામાજિક વ્યવસ્થાનો પણ વિજય હતો.[2]

ભારતમાં વ્યવસ્થા સ્થાપવાનું અને પોતાના શાસનને સુદૃઢ કરવાનું કાર્ય અંગ્રેજો કરતા હતા ત્યાં ૧૮૫૭ ના વિપ્લવનો મહત્વનો પ્રસંગ દેશમાં બન્યો. આ વિપ્લવની જૂદાજૂદા દૃષ્ટિકોણોથી આપણે ત્યાં ચર્ચા થાય છે. કોઇ એને શુધ્ધ પ્રજાકીય ક્રાંતિ કહે છે, તો કોઇ એને ધર્માંધતાથી પ્રેરાયેલા સિપાઇઓના બળવા તરીકે ઓળખાવે છે. કોઇને એમાં મધ્યકાલીન

રજવાડાશાહી, મોગલાઇ તથા પેશવાઇના જીવવા માટેનાં છેલ્લાં વલખાં દેખાય છે. આ બધાં દ્રષ્ટિકોણોમાં સત્યાંશ રહેલો હશે, પરંતુ એક વાત [illegible] નક્કી છે કે વિપ્લવ ભલે સમગ્ર દેશમાં નહોતો પ્રસર્યો, ગુજરાતમાં જ એની અસર નહિવત્ હતી, છતાં સમગ્ર દેશ વિપ્લવથી ક્ષુભિત તો થઇ ગયો હતો. દેશ પર ઝઝૂમતી અંગ્રેજોની સમાન આપત્તિ જોઇને હિન્દુમુસ્લિમો પરસ્પરના ભેદભાવો ભૂલીને તત્પૂરતા એકતાથી લડયા હતા, એ એની એક બીજી નોંધપાત્ર ઘટના છે. જો કે, સમાનશત્રુના ડરથી પ્રેરાયેલી આ એકતા, ગાંધીજીની આગેવાની નીચે લડાયેલી ખિલાફતની એકાદ લડતના અપવાદ સિવાય, ૧૮૫૭ ના જેવી જ પરદેશીશાસનની સમાન આપત્તિ દેશ સમક્ષ અસ્તિત્વ ધરાવતી હોવા છતાં, ભવિષ્યમાં ટકવાની નહોતી. ૧૯મી સદીમાં જ હિન્દુઓને મુસ્લિમોનો વિશ્વાસ બેસતો હોય એવું જણાતું નથી, તે કદાચ મુસ્લિમરાજ્ય અમલના એમના કટુ અનુભવોને લીધે હોય. વાસ્તવમાં, ૧૯મી સદીની કવિતામાં પ્રતિબિંબિત થતી હિન્દુ રાષ્ટ્રીયતા એ જ ગુજરાતી કવિતાની હિન્દી રાષ્ટ્રીયતા છે, એમ અહીં કહેવું જોઇએ.

૧૮૫૭ ના વિપ્લવ પછી ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ સરકારે હિન્દની રાજ્યસત્તાનાં સૂત્રો સંભાળી લીધાં. દેશી રજવાડાંઓનો વિશ્વાસ જીતી લેવા માટે ખાલસાનીતિ રદ કરી અને દેશમાંના પ્રત્યાઘાતીબળોને ઉત્તેજન આપવાનું પ્રચ્છન્ન રીતે શરૂ કર્યું. "બળવા પછી... અંગ્રેજોનું વલણ દયા કે નિર્ભર્ત્સનાનું મટી ઉદાસીનતા, તાટસ્થ્ય કે દ્વેષનું બન્યું."[3] લોર્ડ લિટને ૧૮૭૬ માં ખુલ્લી રીતે જાહેર કર્યું:

"The Crown of England should henceforth be identified with the hopes, the aspirations, the sympathies and the interests of a powerful native aristocracy." [4]

સામાજિક તથા ધાર્મિકક્ષેત્રે પ્રગતિશીલ સુધારાઓ કરાવવાનો બ્રિટિશસલ્તનત-નો ઉત્સાહ હવે ધીમો પડી ગયો હતો.

૧૮૫૭ ના વિપ્લવ પછી હિન્દની સત્તાનાં સૂત્રો હાથમાં લેતી વખતે મહારાણી વિક્ટોરિયાએ એક ઢંઢેરો બહાર પાડયો હતો. ૧૮૫૭ ના વિપ્લવથી ક્ષુભિત થયેલી હિન્દીપ્રજાને એ ઢંઢેરાએ ખૂબ હૈયાધારણ આપી હતી. કવિશ્રી ન્હાનાલાલ નોંધે છે: "હિન્દી પ્રજાનેતાઓ ઢંઢેરાને હિન્દી પ્રજાનો મેગ્નાકાર્ટા ભાખતા... ઇ.સ.૧૮૫૮ માં મહારાણી વિક્ટોરિયા હિન્દને સિંહાસને માત્ર નહિ, હિન્દી પ્રજાનો મેગ્નાકાર્ટા ઉચ્ચારીને હિન્દી પ્રજાને હૈયે બિરાજ્યાં."[5] મહારાણીએ એમાં કહ્યું છે : "ખ્રિસ્તી ધર્મના ખરાપણા ઉપર અમારો પૂરો વિશ્વાસ છે,....તો પણ ધર્મસંબંધી જે અમારા વિચાર છે તેનો અમારી રૈયત પાસે સ્વીકાર કરાવવા બાબત સખ્તી કરવાનો અમને અધિકાર નથી, તેમ એવી અમારી ઇચ્છા પણ નથી... તેજ પ્રમાણે કાયદાનો આશ્રય સર્વને સમાનરીતે નિષ્પક્ષપાતપણે મળે એવી અમારી આજ્ઞા છે... ઇશ્વરની કૃપાથી જ્યારે હિન્દુસ્થાનમાં સ્વસ્થતા થશે, ત્યારે દેશના વ્યાપારધંધાને ઉત્તેજન આપવું, લોકોપયોગી અને લોકોનાં કલ્યાણનાં કાર્યોની વૃધ્ધિ કરવી, અને તે દેશમાં રહેનારી અમારી સર્વ રૈયતનું સારું થાય એવીરીતે રાજ્યકારભાર ચલાવવો એવી અમારી અંત:કરણની ઇચ્છા છે. અમારી રૈયતની આબાદાની એ જ અમારું સામર્થ્ય, તેઓનો સંતોષ એ જ અમારા રાજ્યની દૃઢતા, અને તેઓની કૃતજ્ઞતા એ જ અમને મળેલું ઉત્તમ ફળ છે એવું અમે માનીએ છીએ."[6]

આ ઢંઢેરાની ઉદાર ઉદાત્ત જણાતી જાહેરાતોએ બ્રિટિશરાજ્ય-શાસનમાં વિનીતોની શ્રધ્ધા દૃઢ કરવામાં મોટો ફાળો આપ્યો છે. ગુજરાતના કવિઓ તો કંપનીના રાજ્યઅમલના અંતથી, વિક્ટોરિયાના રાજ્યશાસનના પ્રારંભથી તથા ઢંઢેરામાં આપેલાં [illegible] વચનોથી જાણે હર્ષઘેલા થઇ ગયા હતા. દેશ થાળે પડયો એ જાણી દલપતરામે પેલી પ્રખ્યાત (પણ પાછળથી ખોટીરીતે કુખ્યાત થયેલી) પંકિતઓ ઉચ્ચારેલી: "હરખ હવે તું હિન્દુસ્તાન !" નર્મદે પણ ગાયેલું: "દેશમાં આનન્દભયો, જય જય. વિક્ટોરિયા !"

બ્રિટિશ રાજ્યશાસન પ્રત્યેનો આનંદનો આવો પ્રારંભિક આવેગ તો પ્રજાએ [illegible] વ્યકત કર્યો, પણ એ શાસન સામેની પ્રજાની

નાનીમોટી ચણભણ ઓછી થઇ નહોતી. ખેડૂતવર્ગ દિવસે દિવસે ચૂસાતો જતો હતો. મહેસૂલમાં થયેલો વધારો એને રૂચતો નહતો. દેશી કલાકારી-ગરીનું ધીમું દુ:ખદ મોત થઇ રહ્યું હતું. ભારતમાંથી કાચો માલ લઇ જઇને બ્રિટનમાં બનેલો પાકો માલને ખડકવાનું બજાર ભારતને જ બનાવવામાં આવતું હતું. બ્રિટનની રાજકીય હકૂમત નીચે હિન્દ હતું જ, હવે એ બ્રિટનની આર્થિક હકૂમત નીચે પૂરેપૂરું મૂકાયું. ઇ.સ. ૧૮૭૭ ના ભયંકર દુષ્કાળે પ્રજાનું હીર ચૂસી લીધું હતું. આવો ભયંકર દુષ્કાળ દેશમાં જ્યારે પ્રવર્તતો હતો ત્યારે વિકટોરિયાને સામ્રાજ્ઞી તરીકે ઘોષિત કરવા માટે એક દબદબાભર્યો દરબાર ભરવામાં આવ્યો હતો એ પ્રજાને ખૂચ્યું હતું. સરમુખત્યાર-નું.શાહીવાદી માનસ ધરાવનાર, એ સમયે ઘણો અપ્રિય બનનાર વાઇસરોય લિટનના વર્નાક્યુલર પ્રેસ એક્ટે :૧૮૭૮ : તથા આર્મ્સ એક્ટે :૧૮૭૯: પ્રજામાં વિરોધ જન્માવ્યો હતો. પ્રજાની રાષ્ટ્રીયતાને કચડી નાખવા માટે લેવાયેલાં લિટન-કર્ઝન ઇ. નાં પગલાંઓએ પ્રજાની રાષ્ટ્રીયતાની વાટને ઓલવી નાખવાને બદલે એને સંકોરીને વધુ દીપ્તિમાન બનાવી હતી એ નોંધપાત્ર છે.

પ્રજાનો સલ્તનત સામેનો ઉકળાટ સ્ફોટકસ્વરૂપ ધારણ કરે તે પહેલાં એ ઉકળાટને યોગ્ય માર્ગ આપવો અંગ્રેજ રાજ્યકર્તાઓને જરૂરી લાગ્યો હતો. કોંગ્રેસના એક અંગ્રેજ સ્થાપક હ્યુમે જ લખ્યું છે:

" A safety valve for the escape of great and growing forces, generated by our own action, was urgently needed and no more efficacious safety valve, than our congress movement could possibly be devised." 7

પ્રજાહૃદયના ઉકળાટના એક સેફટીવાલ્વ તરીકે ૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઇ. લોકમતને કેળવીને સલ્તનત પાસેથી બંધારણીય માર્ગે હકકો મેળવવાનો કોંગ્રેસનો પ્રારંભિક ઉદ્દેશ હતો. રાજ્ય તરફની વફાદારી એ એનું મુખ્ય આચારસૂત્ર હતું. એના નેતાઓ બ્રિટિશ રાજ્યતંત્ર અને સંસ્કૃતિના ભારે પ્રશંસકો હતા. બ્રિટનની ન્યાયબુધ્ધિમાં- પ્રામાણિકતામાં એમને મોટી શ્રધ્ધા હતી.

અર્વાચીન ગુજરાતી કવિતાનાં આરંભમાં પાંસઠેક વર્ષોમાં પશ્ચિમી

સંસ્કૃતિ તરફનો પ્રશંસાભાવ, અંગ્રેજ સલ્તનત તરફનો અહોભાવ તથા શાસન તરફની જે વફાદારી દેખાય છે, તે ૧૯મી સદીના વાતાવરણને લક્ષમાં લેતાં તદ્દન સ્વાભાવિક વલણો [illegible] જણાય છે. અંગ્રેજ રાજ્યઅમલનાં દૂષણો આપણા કવિઓ નહોતા જાણતાં એમ નહિ, પરંતુ એમનું એકંદર વલણ અંગ્રેજપરસ્તીનું રહ્યું, કેમકે અંગ્રેજોનો ભારત સાથેનો યોગ ભારતને લાંબે ગાળે હિતકર છે એવો એમનો વિશ્વાસ હતો. આપણી સ્વાતંત્ર્ય લડત દરમિયાન, રાષ્ટ્રવાદના આત્યંતિક આવેશમાં આવી જઇને, પુરોગામી કવિઓના આવા વલણને ખુશામતખોરી તરીકે ઘટાવવાની વૃત્તિ આપણે ત્યાં ક્વચિત દેખાતી હતી, અથવા રાષ્ટ્રવાદ દેખાતો ન હોય તો પણ કવિતામાં એનું આરોપણ કરવાની લાલચ જાગતી હતી. એ કાળના બધા કવિઓને ન્યાય કરવા ખાતર કહેવું જોઇએ કે અંગ્રેજ રાજ્યઅમલ તરફનો પ્રશંસાભાવ ખુશામતની વૃત્તિમાંથી નહિ, પણ અંગ્રેજ અમલની આ દેશ વિશેની ઇષ્ટતા ને ઉપકારકતા અંગેની હૃદયની તેમની પ્રમાણિક માન્યતામાંથી જન્મ્યો હતો. નર્મદ-ગોવર્ધન સમયના કવિઓમાં અંગ્રેજો તરફનો જે પ્રશંસાભાવ છે તે વિશે આપણે ત્યાં ક્યારેક ગેરસમજણ પ્રવર્તે છે. એ કાળની માનસિક અવસ્થાનો સાચો ખ્યાલ મેળવવા માટે એ સમયના પ્રખ્યાત દેશનેતાઓના કેટલાક ઉદગારો થોડા વિગતે જોઇએ.

રાણીના ઢંઢેરાને મેગ્નાકાર્ટા સાથે સરખાવનાર તથા ભારતના મેઝિની ગણાતા સુરેન્દ્રનાથ બેનરજીએ કહ્યું હતું:

" To England we look for inspiration and guidance. To England we look for sympathy in the struggle. From England must come the crowning mandate which will enfranchise our peoples. England is our political guide and moral preceptor in the exalted sphere of political duty." 8

આવા જ એક વાગ્મિતાયુક્ત પ્રવચનમાં એમણે કહ્યું હતું :

" It is not severance that we look forward to - but unification, permanent embodiment as an integral part of that great Empire which has given the rest of the world the models of free institutions - that is what we aim at." (8-A)

હિન્દના દાદા ગણાતા, ધી ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઇન્ડિયા, દાદાભાઇ નવરોજજીએ કહ્યું હતું:

"Let us speak out like men and proclaim that we are loyal to the backbone; that we understand the benefits English rule has conferred upon us." 9 ગોખલેએ તો હિન્દના બ્રિટન સાથેના સંબંધને "A providential dispensation" કહેલ છે. 10 ગોવર્ધનયુગના રાજકીય નેતા અને પ્રૌઢ વિચારક અંબાલાલ દેસાઇનો શો મત હતો? અમદાવાદમાં ૧૯૦૨માં મળેલ હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સ્વાગતપ્રમુખ તરીકે એમણે કહ્યું હતું: "આપણી રાજ્યદ્વારી ભૂમિતિનું એક સૂત્ર અને ગૃહિતપદ જેવું એ છે કે બ્રિટિશરાજ્ય આપણા દેશમાં શ્રેષ્ઠ થતું જાય તે આપણને લાભકારક છે." ૧૧

દેશમાં નવજાગૃતિનાં પગરણ જો કોઇ ક્ષેત્રમાં સર્વપ્રથમ થયાં હોય તો એ ધર્મના ક્ષેત્રમાં. ભારતમાં પહેલાં ધાર્મિક તથા સામાજિક જાગૃતિનો સળવળાટ થયો અને એની પીઠિકા ઉપર રાજકીય જાગૃતિનો પ્રસાર થયો હતો. અર્વાચીનોમાં આદ્ય રાજા રામમોહનરાય દેશના જૂનવાણી મધ્યકાલીન રૂઢિયુક્ત પરિબળો સામે મોટી લડત આપીને અર્વાચીનતાને દેશમાં અવતારવા માટે મથી રહ્યા હતા. ૧૮૫૭માં દેશમાં ત્રણ યુનિવર્સિટીઓની સ્થાપના થઇ હતી. એને લીધે આપણે પશ્ચિમના સાહિત્ય તથા જીવન વિચારના સંપર્કમાં આવ્યા હતા. નવલરામે સુધારાની "જીવન શક્તિ" તરીકે એ યુનિવર્સિટીઓમાં અપાતી અંગ્રેજી કેળવણીને ઓળખાવી હતી છે. કેળવણીના પ્રસાર સાથે ધાર્મિક તથા સામાજિક રૂઢિચુસ્તતાને આઘાત પહોંચવાનું શરૂ થયું હતું. બ્રહ્મોસમાજ, આર્યસમાજ, થિયોસોફિકલ સોસાયટી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ઇત્યાદિને કારણે ધાર્મિક પુનરુત્થાનનું કાર્ય શરૂ થયું હતું. સ્ત્રીની અવનતદશા વિશે ચિંતા, વિધવાવિવાહનો પુરસ્કાર, બાળલગ્ન, વૃધ્ધલગ્નનો વિરોધ, પરદેશગમનની હિમાયત, જ્ઞાતિની જોહુકમી અને જડ રૂઢિચુસ્તતાનો પ્રતિકાર, આ બધી સામાજિક નવજાગૃતિની નિશાનીઓ હતી. અંગ્રેજી વાઙ્મયના સીધા સંપર્કથી પદ્યના પ્રમાણમાં અત્યારસુધી ઘણું અણવિકસિત રહેલું ગદ્ય ખેડાવા

લાગ્યું હતું. સાહિત્યમાં નવો વિચારપ્રવાહ ઉભરાતો હતો. નવીન સાહિત્યસ્વરૂપોનો ઉદ્ભવ અને વિકાસ થવા લાગ્યો હતો.

દેશના અર્થકારણમાં અત્યારસુધી ગામડું એક સ્વયંસંપૂર્ણ એકમ હતું, પણ એ એકમ તૂટયું અને ધીમે ધીમે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય અર્થકારણના એકમમાં એ વિલીન થઇ ગયું. સુએઝ કેનાલના શરૂ થવાથી હિન્દ અને યુરોપ વચ્ચેનું અંતર ઘટયું અને પરિણામે બન્ને વચ્ચેના વેપારી સંબંધો વધ્યા. રેલ્વે તાર ટપાલને લીધે સમગ્ર દેશ એક આર્થિક એકમ બની રહયો. નાના હસ્તઉદ્યોગોને સ્થાને મોટા ઉદ્યોગોનો જમાનો આવ્યો. આ સાથે, બ્રિટન દ્વારા થતું હિન્દનું આર્થિક શોષણ વિચારકો સામે સ્પષ્ટ બન્યું.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પશ્ચિમની સભ્યતા અને સંસ્કૃતિના સંપર્કના પરિણામે, આ રીતે, ગુજરાતના જીવન અને સાહિત્યમાં અર્વાચીનતાનો યુગ શરૂ થયો. અંગ્રેજોના રાજ્યઅમલને લીધે આ દેશને રાજકીય, આર્થિક તથા સાંસ્કૃતિક પરાધીનતા ભોગવવી પડી છે, પણ અંગ્રેજોના હાથ નીચે રાજકીય ને આર્થિક પરાધીનતા ભોગવતાં ભોગવતાં જ આ દેશને રાજકીય સ્વાતંત્ર્યનો, ઇંગ્લાંડ જેવા જ લોકશાહી પ્રજાતંત્રને વિકસાવવાની તથા આર્થિક સ્વાવલંબનનો ખ્યાલ આવ્યો. પહેલી દ્રષ્ટિએ શાપ જેવું લાગતું ભારતનું પરાવલંબન લાંબે ગાળે આશીર્વાદ સમું બની રહયું. અલબત, આ પરિણામ અંગ્રેજોને ઉદ્દિષ્ટ નહોતું, એ આપણે નોંધ્યું છે. પશ્ચિમની જીવન-શકિતથી ઉભરાતી સંસ્કૃતિના સંપર્કમાં નબળાપાંગળા જણાતા ભારતીયોને મૂકીને, એમને આંજી નાખીને અભિભૂત કરી દઇને, કાયમને માટે વશ કરી લેવાનો અંગ્રેજોનો સામાન્ય ઇરાદો તો હતો.

ગુજરાતના એક વિચારક ઉતમલાલ ત્રિવેદીએ આ યુગને "સંજીવન-યુગ" કહયો છે.

પૂર્વપશ્ચિમની સંસ્કૃતિના આ સંઘટ્ટન કાળમાં પ્રજાને પોતાની અલ્પતાનું ભાન થયું. સામાજિક બંધનો એને સાલવાં લાગ્યાં. રાજકીય ક્ષેત્રે વધુ હકકોને પ્રજા ઝંખતી હતી; ધર્મસંસ્થાઓમાં પેઠેલો સડો એને ખૂચતો હતો. આર્થિક પરાવલંબન એને કઠતું હતું. પ્રગતિ માટે પ્રજામાં દૈવી અસંતોષ જાગ્યો હતો.

પ્રજાના ચિદાકાશમાં ઘૂમતી આ બધી ભાવનાઓનો પડઘો વાઙ્મયમાં, સવિશેષે કવિતાસાહિત્યમાં પડવા લાગ્યો. પરિણામે રાષ્ટ્રીય અસ્મિતાનાં અંકુરોવાળી ગુજરાતી કવિતા પ્રગટી ઉઠી.

:૨:

-"હાલતાં દંડે, ચાલતાં દંડે, દંડે સારા દીન,
છાતી ઉપર પત્થર મુકી પૈસા લેના છીન."
:(મરેઠા અમલ સમયના ગુજરાતનું ચિત્ર)

" The great lesson of Eighteenth century history in India is that order is heaven's first law and only on the basis of order, can true liberty grow." 12

- "શાંતિદાન સમાન જગતમાં કશું ન જાણું"
( દલપતરામ, બાપાની પીંપર )

ઇ.સ. ૧૮૧૮માં ગુજરાતમાં પેશ્વાઇ સત્તા નાબૂદ થઇ અને અંગ્રેજો ગુજરાતના એક માત્ર સર્વોચ્ચ સતાધિકારી તરીકે પ્રસ્થાપિત થયા. એ અરસામાં ગુજરાતની કેવી સ્થિતિ હતી અને અંગ્રેજોએ એમાં કેવું પરિવર્તન આણ્યું તેનું ચિત્ર તથા પ્રજાનો અંગ્રેજો તરફનો મનોભાવ અને અંગ્રેજોના પ્રજા તરફના મનોભાવનો ટૂંકો આલેખ, ૧૯મી સદીની ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત થયેલી રાષ્ટ્રીય અસ્મિતાની સમજણ માટે, પશ્ચાદભૂમિકારૂપે આપવાનું જરૂરી માન્યું છે.

આપણે જાણીએ છીએ કે ૧૮મી સદી તથા ૧૯મી સદીનો લગભગ આખો પૂર્વાર્ધ ગુજરાત માટે અંધેર, અવ્યવસ્થા અને અતંત્રતાનો હતો. ગુજરાતની એ કાળરાત્રિ હતી. દેશમાં શાંતિ નહોતી, સ્થિરતા નહોતી અને નહોતી કોઇ વ્યવસ્થિત રાજ્યસત્તા. ઠગ અને પીંઢારાઓનો ત્રાસ હતો. મરાઠાઓની સતત પડતી ધાડોથી ગુજરાતની પ્રજા કાયર થઇ ગઇ હતી. લશ્કરમાં વ્યવસ્થા, શિસ્ત તથા માગ મૂકાવે તેવી નેતાગીરીનો અભાવ હતો. રાજ્યકર્તાઓમાં દૃષ્ટિનો અભાવ હતો. પ્રજા ત્રાસરાજ્યમાં પીસાતી હતી. અજ્ઞાનના અંધકારમાં અથડાતી કૂટાતી હતી. બળિયાના બે ભાગ, મારે તેની

તલવારનો એ કાળ હતો. [illegible] ખૂન, દગા ફટકા, ચોરી, લૂંટફાટ અપહરણોથી દેશ તવાઇ ગયો હતો. નાનાં નાનાં રાજ્યોમાં વિચ્છિન્ન થયેલો દેશ વળી જ્ઞાતિના નાનાં નાનાં વર્તુળોમાં પૂરાઇને તો અનેકધા વિચ્છિન્ન થઇ ગયો હતો. સમજો કે એક એક જ્ઞાતિ એક એક અલગ રાષ્ટ્ર હતી. ત્યાં એક અને અખંડ ભારતીયતાની એ જમાનામાં શી વાત? આવો વેરવિખેર થયેલો દેશ કોઇપણ પરદેશી વિજેતા આગળ નમી ન પડે તો જ આશ્ચર્ય. વિદ્વાન ફ્રેંચ સમાજશાસ્ત્રી Tocqueville ૧૮૪૦ના ભારત વિશે લખે છે: " There is multitude of castes in India; there is no nation...The national spirit of Indian's is contained within the caste." 13

મનસુખરામ ત્રિપાઠી નોંધે છે :"ગાયકવાડ અને પેશ્વાની વારાફરતી ચડતીપડતી ગૂર્જરાતમાં થતી, તે તે વારામાં તેઓના અધિકારીઓ ગૂર્જરાતને ચૂસતા, ગૂર્જરાત એક અને તેને ચૂસનાર ક્ષુધાતુર અનેક – એટલે ગુજરાતની દુર્દશામાં શી ન્યૂનતા ! સન ૧૮૧૮ સુધી ગૂર્જરાતવાસીથી નિર્મળ વસ્ત્ર પણ પહેરાતાં નહિ. કોઇને ઉજળો દીઠો તો ચાડિયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે તે કાલના મૂર્ખ રાજાના અતિમૂર્ખ અધિકારીઓ તેને લૂંટે.'[૧૪] "પારસી લોકોનો ઇતિહાસ" ના લેખક ડોસાભાઇ ફરામજીએ નોંધ્યું છે: "મરાઠી રાજની ખુબી તે લોકોમાં ચાલતી એક કહેવત પરથી માલમ પડેચ. "પાસા પડેલ તો ડાવ – રાજા કરીલ તો નેઆવ." એટલે જેમ પાસો પડે તેમ દાવ અને રાજા કરે તે ઇનસાફ... વલી રાજા જે કરે તે જ ઇનસાફ, પછી તે ઘેલું કરે કે બેવકુફીભરેલું કરે, તેનાં બોલવાનો કે કામનો અટકાવ થાઇ શકે નહિ."[૧૫] કવિશ્રી ન્હાનાલાલે પણ એમની લાક્ષણિક શૈલીમાં લખ્યું છે: "૧૮૪૮ પૂર્વેનું ગુજરાત... રેલ્વે ન્હોતી, તાર નહોતા, ટપાલ ન્હોતી, શાળાઓ ન્હોતી, વાંચનમાળા ન્હોતી, શારદાપીઠ ન્હોતી, છાપું ન્હોતું, છાપખાનું ન્હોતું, પુસ્તકશાળા ન્હોતી, શેઠીઓઓ તિજોરી સાચવવાને આરબ બેસાડતા. સંઘ જાત્રાનાં પરિયાણ માંડે ત્યારે વળાવિયાનું જૂથ સંગાથે રાખતા, અમદાવાદની પરવાડે આવીને

કાઠીને જત અમદાવાદીઓને લૂંટી જતા, જસદણ દરબારને સરકાર અમદાવાદ જીલ્લો ન લૂંટવા દેવાનું સાલિયાણું ભરતી, ...દોર ઉપર નટવો ડોલે એવો રાજનિરાધાર દેશ હાલકલોલક ડોલતો."[૧૬]

આવી પરિસ્થિતિમાં અંગ્રેજોએ આવીને પ્રજાને શાંતિદાન દીધું. શાંતિ વ્યવસ્થા કાયદા કાનૂનો આ રાજ્યે, પ્રજાએ છેલ્લા કેટલાક સૈકાઓમાં અનુભવી નહોતો એવી નિરાંત બક્ષી. અંગ્રેજોના આ ઉપકારનું ("સાપેક્ષ ઉપકાર" કહેવો હોય તો એમ ) પ્રજા ખૂબ કૃતજ્ઞતાપૂર્વક ગુણગાન કરે, એમાં આશ્ચર્ય નથી. એ સમયની પ્રજાનો મનોભાવ સમજવા માટે એક બે ઉદાહરણો જોઇએ. મહીપતરામ નીલકંઠે એમની પત્નીના જીવન-ચરિત્રમાં એક પ્રસંગ નોંધ્યો છે. એક જુવાન સ્ત્રીને એની ઇચ્છા વિરૂધ્ધ પેશ્વાને વેચી દેવામાં આવી હોવાથી પેશ્વા બાજીરાવના માણસો એને સૂરતમાંથી પૂના લઇ જવા માગતા હતા. પણ, મહીપતરામ નોંધે છે એમ, "સૂરતમાં ઈંગ્રેજનો અમલ હતો તેથી બારણાં ચીરીને બલાત્કારે ઘરમાં પેશીને તેને લઇ જઇ શકે તેવું ન હતું, માટે તે ઉગરી."[૧૭] આ પ્રસંગ પરથી દલપતરામે ગાયું: " કહો મરાઠા કોણ જ માત્ર?" વળી એ કહે છે: "કદી સંહાર ન કરે સીન્ધિયા , પીંઢારા પણ ગયા કુપાત્ર..."[૧૭-અ] કરારની રૂએ ભરૂચ શહેર સીંધિયા સરકારને પાછું આપવાનું અંગ્રેજોએ નક્કી કર્યું. સીંધિયાને આ શહેર પાછું ન સોંપાય એ માટે શહેરવાસીઓ મોટો ઊહાપોહ કરેલો અને એ સારૂં યજ્ઞયાગાદિ પણ કર્યાં હતાં, તે જાણીતી બીના છે.[૧૮] ૧૮૬૦ના જુલાઇના "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા"માં "એ નેટિવ" ની સહીથી એક પત્ર છપાયો છે, તે પણ વાંચવા જેવો છે:

" Woe to India the day when it shall have passed into the hands of any other foreign power. British rule, with all its short comings, is the most liberal in the world. No other power pays, or has ever paid, so much attention to the well-being of its conquered subjects." [19]

પત્ર લખનાર આ દેશવાસીના મનમાં એમ છે કે હિન્દુસ્તાને આ કે તે પરદેશી રાજ્યકર્તાઓની ધૂંસરી ઉપાડવાની જ છે, તો એ બધામાં "મોસ્ટ લીબરલ" જણાતા અંગ્રેજોને શા માટે આવકાર્ય ન ગણવાં? અહીં એક વસ્તુ સમજાય છે. હિન્દ કદી સાર્વભૌમ સ્વતંત્ર રાજ્ય હોઇ શકે એવો ખ્યાલ એ સમયની પ્રજામાં સ્વાભાવિક રીતે જ ઉદિત ન હોતો થયો. પત્રલેખકના છેલ્લા વાકય પરથી બીજી વસ્તુ એ સમજાય છે કે પ્રજાને મન મુસલમાન-મરાઠાઓ કરતાં અંગ્રેજો સ્પષ્ટ રીતે સારા રાજ્યકર્તાઓ જણાતા હતા.

દેશની અતંત્રતાનો ચિતાર આપતાં મનસુખરામ ત્રિપાઠી, ડોસાભાઇ તથા ન્હાનાલાલનાં ત્રણ વિધાનો ઉપર આપણે નોંધ્યાં છે. હવે એ જ લેખકો અંગ્રેજોના રાજ્યસ્થાપન પછી દેશમાં થયેલાં આશ્ચર્યકારક અને આવકારદાયક પરિવર્તનોને કેવી રીતે મૂલવે છે તે અનુક્રમે જોઇએ: "કયાં જંગલી, મૂર્ખ, સ્વચ્છંદી સરદારોનો તિરસ્કાર અને અન્યાય ! અને કયાં વિદ્વાન, નાગર, પ્રજાહિતૈષી અને વિવેકી ફાર્બસ જેવા અધિકારીઓનો સત્કાર અને ન્યાય ! કયાં પહેલાંનો દુ:ખદ ત્રાસ અને કયાં બીજાની સુખદ માયામમતા ! જાણે નવા વાયુચક્રમાં આવ્યા હોય એવું વૃધ્ધ લોકોને લાગવા માંડયું."[20] બધા જ અંગ્રેજ અમલદારો ફાર્બસ જેવા વિનયી અને ન્યાયી નહિ હોય તે સમજાય તેવું છે, પણ અંગ્રેજ અમલદારો પ્રત્યેની પ્રજાહૃદયની એ સમયની એકંદર છાપ તો આ અવતરણમાં રજૂ થઇ છે જ... "આગલાં રાજાઓનાં દુ:ખ ભરેલા હેવાલ ઉપરથી નીકળીને હવે હીંદુસ્થાનનાં સારા વખતની તવારીખ ઉપર આવવાને હમોને ઘણી ખુશાલી ઉપજેચ... આ એ બાબદ ઉપર વધારે લખાનથી લખવાને કશી અગત નથી, કાં એ જે હિન્દુસથાનમાં લોકો બરીટીશ રાજમાં કેટલુ છુટાપણું અને સુખ ભોગવેચ, તેઓનાં હકને કેટલુ માન મલેચ તથા તેઓનાં જાંનમાલની કેટલી સંભાલ છે, તે વીશે શરવે કોઇ પોતાની નજરે હાલમાં જુએ છે અને અનુભવ મેલવતા જાએ છે."[21] "...ને પછી આગગાડી આવી, તાર નંખાયા, મીલો થઇ, નવી નિશાળો સ્થપાઇ, કન્યાશાળાઓ ઉઘડી, વાંચનમાળા રચાઇ, કોલેજો નીકળી, યુનિવર્સિટી ~~[illegible]~~, એકટ થયો, છાપાં છપાયાં, માસિકો પ્રગટયાં, પુસ્તકાલયો બન્ધાયાં, લોકસભાઓ થઇ, વિધવાવિવાહનો કાયદો થયો, સિવિલમેરેજનો કાયદો થયો, એઇજ

ઓક કન્સેન્ટનો કાયદો થયો, મ્યુનિસિપાલિટીઓ થઇ, લોકલબોર્ડો થઇ, લેજિસ્લેટિવ કૌંસિલો થઇ, કોંગ્રેસ થઇ, ઇતિહાસનું સંશોધન થયું, નવા ગ્રન્થો લખાયા, નવી કવિતા રચાઇ, નવા દેશહિતચિન્તકો થયા, નવી દેશકલ્યાણની મીમાંસા થઇ... જ્ઞાતિવ્યવસ્થા, હુન્નરખાનની ચડાઇ, સ્વદેશી ધાર્મિક કલહકુસંપ, બાળલગ્નનિષેધ,... મીઠાનો કારભાર, અન્ત્યજોની વેઠ ને વિટંબણાઓ, રાજ્યપલટો, હિન્દીઇંગ્રેજની મૈત્રી, સંસ્કૃતિઓનો સમન્વય: દલપતકાવ્યમાં ગવાયેલ દલપતયુગના એ સૌ પ્રજાપ્રશ્નો." [૨૨]

"સ્વરાજ્ય" ની વાત હજુ પ્રજામાનસમાં જ સ્પષ્ટ નહોતી થઇ. પ્રજાને "સુ-રાજ્ય" ખપતું હતું અને અંગ્રેજ પ્રજાએ એ આપ્યું, તો મોકળે મને એનાં વખાણ થાય એ સ્વાભાવિક લાગે છે.

ભારતીય પ્રજા અંગ્રેજો તરફ પ્રશંસાભાવથી જોતી હતી, પણ અંગ્રેજોનું ભારતીય પ્રજા તરફનું એકંદર વલણ, ફાર્બસ રિપન જેવા ઉદારમના રાજ્યકર્તાઓના સુભગ અપવાદો બાદ કરતાં, પ્રગટ્વા પ્રચ્છન્ન તિરસ્કારનું હતું. અધોગતિના ગર્તમાં પડેલી પ્રજાનો ઉદ્ધાર કરવાની એમની સામાન્ય મનોવૃત્તિ હતી. અહીં ભારતના ભૂતકાળના વિજેતાઓ અને અંગ્રેજ વિજેતાઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ થશે. ભૂતકાળના વિજેતાઓને ભારતીયો કરતાં – કંઇ નહિ તો સાંસ્કૃતિકક્ષેત્રે – એ ચડિયાતા છે એવો ભાવ વિજયના ટાણે ભાગ્યે જ થતો હતો, જ્યારે અંગ્રેજો પોતાને આ દેશના તારણહાર સમજતા અને દૈવી ફિરસ્તાઓની જેમ નિકૃષ્ટ અવસ્થામાં સપડાયેલાને તારવાનું મનોવલણ અખત્યાર કરતા હતા. ૧૮૫૭ પછી, પ્રજાને દયાની દૃષ્ટિએ દેખવાનું અંગ્રેજોનું એકંદર વલણ પ્રબળ બન્યું હતું. ભારતીય પ્રજાજનોને સરકારી-તંત્રના અગત્યના હોદ્દાઓથી દૂર રાખવામાં આવતા હતા. એમની જોડે સામાજિક સંબંધો કેળવવામાં હીણપત મનાતી હતી. સિવિલ સર્વીસના ત્રીજી પેઢી :૧૮૮૦-૧૯૧૦: ના બ્રિટિશ અમલદારો વિશે પ્રો. ઠાકોરે કહ્યું છે:

"They became a caste of white Brahmins, more exclusive than any caste had ever been in India... Jingoism held increasing sway in England from about 1875 onwards for the rest of the century and many of this third generation of our rulers here, were jingoes." [23]

અંગ્રેજોની ગુરૂગ્રંથીનું એક લાક્ષણિક ઉદાહરણ ૧૮૬૦ના જુલાઇના "ટાઇમ્સ"ના એક અંગ્રેજ લેખકના લેખના આ અવતરણમાંથી મળી રહે છે:–

"We belive that the fact of the natives of the present day being to so large an extent pusillanimous, deceitful and avaracious, is owing to the generations of oppressors who have made them so; and that on us, in a great measure lies the responsibility of moulding the future race. Let us act towards them as the turely brave always act towards the weak and timid- with kindness and forbearance." 24

સંસારસુધારાકાળની કવિતા લખાઇ ત્યારે દેશમાં આવી સ્થિતિ પ્રવર્તતી હતી. ૧૯૦૫ સુધી હિન્દના રાજકારણમાં વિનીત મતવાદ પ્રબળ રહ્યો હતો. નર્મદયુગ તથા ગોવર્ધનયુગના કવિઓનું માનસ એકંદરે વિનીતોનું છે. ૧૯૦૫ પછી હિન્દના રાજકારણમાં ઉદ્દામવાદ પ્રબળ બન્યો હતો. પરંતુ શ્રી. અરવિંદ, બિપિનચંદ્ર પાલ, લાલા લજપતરાય અને બાલગંગાધાર ટિળકના ઉદ્દામવાદનો પાસ પંડિતયુગના ગુજરાતી કવિઓને નહોતો લાગ્યો. પરંતુ એની વાત પછીથી કરીશું.

---

<u>સંદર્ભ</u>

૧. ધ ડેવલપમેન્ટ ઓફ કોન્ટેમ્પરરી ઇન્ડિયન પોલિટિકલ થોટ, ભા. ૧ :૧૯૩૮ :, પૃ. ૩૭ , ડો. એમ. એ. બૂચ.

૨. એ જ, પૃ. ૩૮

૩. "અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય", પૃ. ૩, શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

૪. 'સોશ્યલ બેકગ્રાઉન્ડ ઓફ ઇન્ડિયન નેશનાલીઝમ'માં અવતરિત, પૃ. ૨૮૯, ડો. એ. આર. દેસાઇ

૫. "કવીશ્વર દલપતરામ," ભા. ૨, પૂર્વાર્ધ, પૃ. ૩૪૯–૩૫૦, કવિશ્રી ન્હાનાલાલ.

૬. મહારાણી વિકટોરિયાના જીવનચરિત્રમાં ઇચ્છારામ દેસાઇએ આપેલો ઢંઢેરાનો અનુવાદ, "કવીશ્વર દલપતરામ" ભા. ૨, પૂર્વાર્ધમાં અવતરિત,

પૃ. ૩૪૫-૩૪૬ તથા પૃ. ૩૪૮-૩૪૯.

૭. ડો. એ. આર. દેસાઇના ઉપર ઉલ્લેખાયેલા ગ્રંથમાં અવતરિત, પૃ. ૨૯૪.

૮. જુઓ સંદર્ભ ૧, પૃ. ૧૭૭; ૮-અ, જુઓ - ૪, પૃ. ૨૯૭

૯. જુઓ - ૧, પૃ. ૧૭૭

૧૦. જુઓ - ૧, પૃ. ૧૭૯

૧૧. "ભાષણો અને લેખો" :૧૯૨૨:, પૃ. ૧૧૫, અંબાલાલ દેસાઇ

૧૨. જુઓ - ૧, પૃ. ૩૭-૩૮

૧૩. "એન્કાઉન્ટર", મે, ૧૯૬૨

૧૪. "કાર્યસજીવનચરિત્ર", પૃ. ૬, મનસુખરામ ત્રિપાઠી

૧૫. "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન", ભા૨, પૃ. ૫ ઉપર અવતરિત હીરાલાલ પારેખ.

૧૬. "કવીશ્વર દલપતરામ", ભા. ૩, પૃ. ૩૮૫-૩૮૬, ન્હાનાલાલ

૧૭. "કવીશ્વર દલપતરામ", ભા. ૨, પૂર્વાર્ધમાં અવતરિત, પૃ. ૩૬૦, ૧૭ અ. એ જ

૧૮. "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" ,ભા. ૧, પૃ. ૧૦, હીરાલાલ પારેખ

૧૯. "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા", ૨૭ મી જુલાઇ -૧૯૬૦

૨૦. જુઓ - ૧૪, પૃ. ૯

૨૧. જુઓ - ૧૫, પૃ. ૬

૨૨. "કવીશ્વર દલપતરામ", ભા ૧, પૃ. ૧૦, ન્હાનાલાલ

૨૩. જુઓ - ૧, પૃ. ૪૩, ઉપર અવતરિત

૨૪. "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા" :હન્ડ્રેડ યર્સ એગો:, ૨૪ મી જુલાઇ, ૧૯૬૦.